Tuesday
21.11.2023
✳Volume :8 ✳ Issue No.118
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમદાવાદ એરપોર્ટ ખાતેથી ભાવસભર વિદાય આપાઈ

કમલમ્ ન્યુઝ,
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનો ગુજરાત પ્રવાસ પૂર્ણ કરી આજે સવારે પ્રસ્થાન કર્યું ત્યારે અમદાવાદ વિમાની મથકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભાવસભર વિદાય આપી હતી, આપ્રસંગે નવસારીના સાંસદ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ શહેરનાં મેયર સુશ્રી પ્રતિભા જૈન, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, એર માર્શલ શ્રી નમદેશ્વર તિવારી, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, મેજર જનરલ શ્રીએસ.એસ વિર્ક, મુખ્ય પ્રોટોકોલ ઓફિસર શ્રીજવલંત ત્રિવેદી, કલેકટર સુશ્રીપ્રવીણા ડીકે સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓએ તેમને ભાવસભર વિદાય આપી હતી.

મહુવા તાલુકાના ઉમરા ગામે કેન્દ્રીય પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

સરકારની કલ્યાણકારી યોજનાઓ ૧૦૦ ટકા અમલી બને તેવા આશયથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે ગામ ફરી રહી છેઃ :- કેન્દ્રીય પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા

દેશના તમામ લોકો સરકારની પ્રજાલક્ષી યોજનાથી વંચિત ન રહી જાય માટે સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે

કમલમ્ ન્યુઝ,
કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી સુરત જિલ્લાના મહુવા તાલુકાના ઉમરા ગામ ખાતે કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ અને પશુપાલન મંત્રીશ્રી પરખોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાંસંકલ્પ યાત્રારથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ગ્રામીણ કક્ષા અને ટ્રાઈબલ તાલુકામાં સરકારની યોજનાના સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારીતેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. આ અવસરે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર ભારતમાં ભગવાનબિરસા મુંડાના જન્મજયંતિ દિવસેવિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કર્યો છે. દેશના તમામ લોકો સરકારની જન કલ્યાણકારી કલ્યાણકારી યોજનાઓના લાભોથી વંચિત ન રહી જાય માટે સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે. છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશિલ રહી છે. સરકારની યોજનાઓ આપણા માટે જ છે જેનો દરેક લોકોએલાભ લેવોજોઈએ. વધુમાં રૂપાલાએ કહ્યુ હતુ કે,આદિવાસી વિસ્તારના વિકાસ માટે સૌપ્રથમ વનબંધુયોજના નરેન્દ્રમોદીએશરૂ કરી હતી. ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક તબક્કામાંઆદિમ જૂથના વિકાસમાટે અનેક યોજના અમલી બનાવી છે. વડાપ્રધાનશ્રીએ ઝીરો બેલેન્સમાં જનધન યોજના થકી નાના લોકોના બેંકમાં ખાતા ખોલી આપવાનો નિર્ણય લઈ દેશભરમાં ૫૦ કરોડ લોકોના બેંકમાં ખાતા ખોલવામાં આવ્યાછે, જેનાથી કરોડ લાખ કરોડ રૂપિયાની ડીપોઝીટ જમા થઈ. જે ભારતના વિકાસને ટેકો આપવા માટેનું મોટું યોગદાન આપી રહી છે. ભારતનું અર્થતંત્ર પાંચમાં નંબરથી ચોથા નબંર પર આવ્યું છે. સરકારની કલ્યાણકારી યોજનાઓ ૧૦૦ટકા અમલી બને તેવા આશયથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે ગામ ફરી રહી છે. તમામ લોકોએ સરકારની યોજનાનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે ધારાસભ્ય શ્રી માહનભાઈ ઢોડિયાએ જણાવ્યુ હતુ કે, આદિવાસી વિસ્તારમાં પ્રજાજનોને સરકારની વિવિધ યોજનાની માહિતી પુરી પાડવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા એક માધ્યમ બન્યું છે. સરકારે ગરીબ-મધ્યમવર્ગીય નાગરિકોના જનધન યોજના હેઠળ બેંક ખાતા ખોલાવી ગંગાસ્વરૂપા, કિસાન સન્માન, શિષ્યવૃત્તિ સહાય જેવી અનેક આર્થિક સહાય કાંઈ પણ વગેરેયા વિના સીધા બેંક ખાતામાં જ આપવાની પારદર્શી વ્યવસ્થા કરી છે. તેમણે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ઘર આંગણે વિવિધ યોજનાઓના લાભો જરૂરિયાતમંદોને આપવામાં આવતા હોવાનુ જણાવી રાજ્ય સરકાર પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોચાડવા કટિબધ્ધ હોવાનું કહ્યું હતું. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે હાજર સૌએ આત્મનિર્ભર ભારત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રતિજ્ઞા લીધી હતી. વિકસિત ભારત સંકલ્પયાત્રા સમાપન બાદ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા સાહેબ મહુવાતાલુકાનીજીવાદોરી સમાન મહુવા સુગર ફેક્ટરીની શુભેચ્છા મુલાકાત લીધી હતી જ્યાં સુગર ફેક્ટરીના ચેરમેન આદરણીય શ્રી માનસિંહભાઈ પટેલ તેમજ ડિરેક્ટર મિત્રો દ્વારા આદરણીય મંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુંઅને મંત્રીશ્રી સાથે સમૂહ ભોજન નું આયોજન પણ કરવામાં આવ્યું હતુંત્યારબાદ દૂધઉત્પાદન ક્ષેત્રે મહુવા તાલુકા જિલ્લામાં અગ્રેસર હોય ત્યારે સુમુલ ડેરીનો પ્રકલ્પ પશુ સંવર્ધન કેન્દ્ર વાંસકૂઈ ખાતે ગીર ગાયોનું સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્રનું આદરણીય મંત્રીશ્રી દ્વારા ઝીણવટ ભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને સુમુલ ડેરીનાચેરમેન માનસિંહભાઈ પટેલ ડિરેક્ટર મિત્રો કર્મચારી મિત્રો પશુપાલક મિત્રો સાથે ફોટો સેશન પણ કરાવ્યું હતું સુમુલ ડેરી ના સફળ સંચાલન બદલ અભિનંદન પાઠવ્યા હતા આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી બી. કે. વસાવા, બારડોલી નાયબ પ્રાંત અધિકારીશ્રીમતી જીજ્ઞાબેન પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, જિ.સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, નગર પા.પ્રમુખ નિમેષભાઈ શાહ, અગ્રણીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ, હિતેશભાઈ, મામલતદારશ્રી, સંરપંચશ્રી, નાબાર્ડના અધિકારીશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી),તેમજ તાલુકા પંચાયતના કર્મચારી, આઈસીડીએસના મુખ્ય સેવિકા, આરોગ્ય વિભાગના કર્મચારી, આંગણવાડી કાર્યકર અને તાગરર તેમજ અન્ય વિભાગના કર્મચારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કર્યક્રમ ને સફળ બનાવવા મહુવા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ભારે મેહનત કરવામાંઆવી હતી.

કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાની મહુવા તાલુકા ની જીવાદોરી મહુવાસુગર ફેક્ટરી અને વાસ્કુઈ સુમુલ ડેરી ની પ્રેરક મુલાકાત

કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ વેપાર મેળામાં જન ઔષધિ સ્ટોલની મુલાકાત લીધી

પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના વિશે જાગૃતિ ફેલાવવા માટે જન ઔષધિએ ૪૨મા ઇન્ડિયા ઇન્ટરનેશનલ ટ્રેડ ફેર દરમિયાન પ્રદર્શન કર્યું

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય રસાયણ અને ખાતર તથાસ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડાં. મનસુખ માંડવિયા સ્ટોલની કામગીરીનીદેખરેખ માટે આજે વેપાર મેળામાં જન ઔષધિ સ્ટોલની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ સમગ્ર દેશમાં સુગમ અને પરવડેતેવી આરોગ્ય સેવાપૂરી પાડવા માટે ભારત સરકારના ઉમદા પ્રોજેકટની માહિતી ઉપલબ્ધ કરાવ્યાની પણ સરાહનાકરીહતી. નવી દિલ્હીનાં પ્રગતિ મેદાન ખાતે ૧૪થી ૨૭ નવેમ્બર દરમિયાન ૪૨મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરનું આયોજન કરવામાંઆવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનો એકભાગ હોવાને કારણે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (પીએમબીજેપી) દ્વારાહોલ નંબર ૫ (સ્ટોલ નંબર ૮-બી)માં એક નિદર્શન સ્ટોલ સ્થાપિત કરવામાં આવ્યોછે, જ્યાંસામાન્ય જનતાને આ ઉમદા પ્રોજેક્ટ ની મુખ્ય વિશેષતાઓથી વાકેફ કરવામાં આવી રહી છે. આ સ્ટોલના માધ્યમથી જન ઔષધીની સસ્તી અનેઉચ્ચ ગુણવત્તાનીદવાઓંઅંગે લોકોને માહિતી આપવામાં આવી રહી છે.આપણે સૌજાણીએ છીએ કે ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ તમામને વાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવાના ઉદેશ સાથે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના નો શુભારંભ ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ વિભાગ દ્વારા કરવામાંઆવ્યો હતો. આ યોજના હેઠળ જનઔષધિ કેન્દ્રો તરીકે ઓળખાતા સમર્પિત આઉટલેટ્સ જેનેરિક દવાઓ પ્રદાન કરવા માટે ખોલવામાંઆવે છે.૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ, ૯૯૯૮ જન ઔષધિ કેન્દ્રો દેશભર માં કાર્યરત છે. પીએમબીજેપીની પ્રોડક્ટ બાસ્કેટમાં ૧૮૯૫ દવાઓ અને ૨૮૩ સર્જિકલ ઉપકરણોનો સમાવેશ થાય છે, જે રિટેલ શોપ્સ પર બ્રાન્ડેડ દવાઓની તુલના માં ૫૦ ટકાથી ૯૦ ટકા સસ્તા ભાવે વેચાય છે. પીએમબીજેપીએ ૧૮૯૫થી વધારે ગુણવત્તાયુક્ત દવાઓની કિંમતોમાં ધરખમ ઘટાડો કર્યોછેઅને આદવાઓને વસ્તિના મોટા વર્ગ ખાસકરીનેગરીબો અને દીર્ઘકાલીન રોગો ધરાવતા દર્દીઓની પહોંચનીઅંદર ઉપલબ્ધ કરાવી છે. છેલ્લાં ૯ વર્ષોમાં, કેન્દ્રોની સંખ્યામાં અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે, જે વર્ષ ૨૦૧૪માં ફક્ત ૮૦ હતી અને હવે તે વધીને ૯૯૯૮ કેન્દ્રોથી વધારે થઈ ગઈ છે, જે દેશનાં લગભગ તમામ જિલ્લાઓછે. નાણાકીયવર્ષ એટલે કે ૨૦૨૨-૨૩માં પીએમબીઆઈ એ રૂ. ૧૨૩૬ કરોડનાં મૂલ્યની જન ઔષધિદવાઓનું વેચાણ કર્યું છે, જેનાથી નાગરિકોને આશરે રૂ. ૭૪૧૬ કરોડની બચત થઈ છે. છેલ્લા૮ વર્ષમાં,કેન્દ્રોની સંખ્યામાં ૧૦૦ ગણો વધારો થયો છે અને વેચાણમાં પણ ૧૭૦ ગણો વધારો થયો છે. એકંદરે છેલ્લાં ૯ વર્ષ દરમિયાન નાગરિકો માટે અંદાજે રૂ. ૨૩,૦૦૦ કરોડની કુલ બચત આ ઉમદા યોજનાને કારણે જ શકયબની છે.

કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે સિદ્ધપુર મુકામે કામધેનુ ગૌ શાળા (હોસ્પિટલ)ની મુલાકાત લઈ ને બિમાર ગૌ ધનની સેવા કરી ને આશિર્વાદ મેળવ્યા.

કમલમ્ ન્યુઝ,
ગૌઅષ્ટમીના રોજ માન. કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે સિદ્ધપુર મુકામે કામધેનુ ગૌશાળા (હોસ્પિટલ)ની મુલાકાત લઈને બિમાર ગૌ ધનની સેવા કરી ને આશિર્વાદ મેળવ્યા. સાથે સાથે સૌકોઈ મિત્રો ને પોતાના જન્મ દિવસ, બાળકો ની જન્મ તિથિ, લગ્નતિથી અને વિવિધ પ્રસંગો એ ગૌ સેવા કરી ને આશિર્વાદ મેળવવા અપીલ કરી હતી અને દરેક એ યથાશકતી રૂ. ૫૦૦ કે રૂ. ૧૦૦૦ આપી આવા ભગીરથ ધાર્મિક કામમાં પણ જોડાવાઅપીલ કરી. સાહેબશ્રી એ ગૌ સેવાના માટેના ધાર્મિક કાર્યમાં રૂ. ૫૧૦૦૦ નું દાન આપ્યું. આ અપીલ ના ભાગરૂપે આજરોજ શહેર ભાજપ ના મહામંત્રી દશરથભાઈ એ પોતાની પોત્રી ના જન્મ દિવસ,રાજુભાઈ પટેલ ભિલિયા એજન્મ દિવસતથા જીમી પટેલ પોતાની લગ્ન નીવાર્ષિક તિથિ પર બીમાર ગૌ ધન ની સેવા કરી અને અનુદાન કરીને આશિર્વાદ મેળવ્યા. આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ શ્રીમતી અનીતાબેન પટેલ, એપીએમસીના ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શ્રી જશુભાઈ પટેલ, મહામંત્રી દશરથભાઈ, અંકુરભાઈ મારસ્તિયા,રોહિતભાઈ પંચાલી, વિજયસિંહ રાજપુત, કૌશલભાઈ જોષી, શૈલેષભાઈ પંચાલી, ભાવેશભાઈ રાજગુરુ, નિરંજનભાઈ ઠાકર, ડી.ટી.ઝાલા, કમલેશભાઈ પટેલ, સુરપાલસિંહ સહિત હાજર રહ્યા.

તંત્રી સ્થાનેથી.....

મોરબી જિલ્લામાં તા. ૨ ૨ નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભનો થશે. આ યાત્રા ૩ રથ સાથે જિલ્લાના ૩૬૩ ગામોમાં ભ્રમણ કરશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભઈ મોદીએ સેવેલાવિકસિતભારત-૨૦૪૭ના સ્વપ્નને સકાર કરવામાટે દેશના છેવાડાનામાનવીના સર્વાંગી વિકાસની પરીકલ્પનાને સાકાર કરી સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્ર તરીકે ભારત દેશવિશ્વ સમક્ષ આવેતેવા આશય સાથે વિકસીતભારત સંકલ્પ યાત્રાનો સમગ્ર મોરબી જિલ્લામાં શુભારંભ કરવામાં આવશે. કેન્દ્ર-રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાત્રતા ધરાવતા તમામને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી આવરી લેવાની તંત્રની નેમ છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ પાત્રતા ધરાવતા લોકોને જુદીજુદી યોજનાઓનો લાભ આપવામાટે વિશેષ જનજાગૃતિ ઊભી કરવામાં આવશે. સાથે જ યાત્રા દરમિયાન લાભ મળવાપાત્ર હોય તેવા લાભાર્થીની નોંધણી પણ કરવામાં આવશે. આમ, એક પણ લાભાર્થીકેન્દ્ર-રાજ્ય સરકારનીયોજનાઓના લાભથીવંચિત ન રહે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ યાત્રા દ્વારા ગ્રામીણ કક્ષાએ આયુષ્યમાન ભારતયોજના, પ્રધાનમંત્રીગરીબ કલ્યાણઅન્નયોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રીઆવાસ યોજના-ગ્રામીણ, પ્રધાનમંત્રીઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્માયોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન, કિસાન ક્રેડિટ કાર્ડ, પ્રધાનમંત્રી પોષણ અભિયાન, હર ઘરજલ-જલજીવન મિશન,સ્વામિત્વ યોજના,જન ધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી પ્રણામ, નેનો ફર્ટીલિજેર યોજના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ વિકસિત ભારતસંકલ્પ યાત્રાની સાથેહેલ્થ કેમ્પ, પશુ સારવાર કેમ્પ, સેવાસેતુ સહિતના પ્રજાકીય પ્રકલ્પોનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે જરૂરીતૈયારીઓકરવામાંપણ આવી રહી છે.

ઈન્ટરનેશનલ લોહાણા મહિલા મંડળ ડીસા ની જલારામ જયંતી માં સરાહનીય ડામગીરી

કમલમ્ ન્યુઝ,આનંદ ઠક્કર

ડીસા માં કારતક શુદ સાતમ ના દર શાલ જલારામ મંદિર માં જલારામ જયંતીની ધામ ધૂમ પુર્વકથાય છે તેમાં વિધિધકાર્યક્રમો ને લઈ સેવાભાવી માણસો ની જરૂર પડતી હોય છે ત્યારે ડીસા જલારામ મંદિર માં ગત સાલ ની જેમ આ શાલ પણ ઈન્ટરનેશનલ મહિલા મંડળ ની બહેનો દ્વારા સત્સંગ તેમજ ભોજનપ્રસાદ બાળકોને શુશોમીત કરવા તેમજ કોલ્ડરીનકસ ના કેમ્પ રાખવા માં આવ્યા હતાં આ બહેનો ને પ્રોત્સાહિત કરવા ભારતીય જનતાપાર્ટી ના મહિલા મોરચા બનાસકાંઠા જિલ્લાનાપ્રમુખ ભીખીબેન વોરા કોકિલા બેન પ્રજાપતી હાજર રહ્યા હતા અને બહેનો ને પ્રોત્સાહિત કરી સેવાકીય કાર્ય ને બિરદાવી મહિલા ઓ સારાકાર્ય કરવા અને પોતાનેઅહીં બોલવા બદલ આભારમાની જલારામ બાપાના કાર્યોને યાદ કરી જલારામ જયંતી નીશુભેચ્છા પાઠવીહતી આ કાર્યક્રમ બનાસકાંઠાજિલ્લાના પ્રમુખ આનંદભાઈ ઠક્કર ની નિગરાની માં કરાયોહતો તેમજ આકાર્યક્રમ માંવિશેષ સહકાર કલ્પેશભાઈ ઠક્કર પિયુષ ભાઈ અખાણી લાલાભાઈ (જલારામ) રમેશ ભાઈ આરડી તેમજ ઈન્ટરનેશનલ મહિલા મંડળના પ્રમુખ પૂજાબેન ઠક્કર બીનાબેન ઠક્કર જ્યોતિ બેન ઠક્કર રવીનાબેન ઠક્કર પિકીબેન હીનાબેન ઠક્કર તન્વી બેન ઠક્કર રિપલ ઠક્કર મૈત્રી ઠક્કર નિમુબેન ઠક્કર લીનાબેન ઠક્કર મીનાબેન ઠક્કર વીણા બેન ઠક્કર હંસાબેન વિગેરે બહેનોએ હાજર રહીસરાહનીય કાર્ય કર્યુ હતું.

'મેરી કહાની, મેરી જુબાની : જિલ્લો ડાંગ'

કમલમ્ ન્યુઝ,

મારું નામ ગહે નાબેન ગોવિંદભાઈ ગાવિત છે. હું ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ભિષ્યાગામની રહેવાસીછું. પહેલા હું મારા પરીવાર સાથે કાચા આવાસમાનિવાસ કરતીહતી. પાકુ મકાન મદામાટે સ્વપ્રસમ્મન હતુ. પરંતુપી.એમ.એ.વાય. યોજનાથી મારુ સ્વપ્નસાકાર થયુ છે. હવે મારો પરીવાર કાચાઆણસ્તાના છતમાંથી પાણી ટપકવાની પદિસ્થિતીથી મુક્ત થયો છે. સરકારના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી મને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ યોજનાનો લાભ મળ્યોછે. આવાસયોજનાનો લાભ મળતા મેપાકુ મકાન બનાવ્યુ છે. પી.એમ.આવાસ યોજના અંતર્ગત મને રૂ. ૧ લાખ ૨૦ હજાર ની સહાય પ્રાપ્ત થઈ છે. આપ આ યોજનાનો લાભ લઈશકો છો.

હાંસોટ ના સુણેવખુર્દ ગામ ખાતે નવનિર્મિત ગ્રામપંચાયત નું લોકાર્પણ કરતા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ

નવનિર્મિત ગ્રામપંચાયત કચેરી માં અદ્યતન સુવિધા ઓ ઉભી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

હાંસોટ તાલુકા ના સુણેવખુર્દ ગામ ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ના હસ્તે નવનિર્મિત ગ્રામપંચાયત ભવન નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ હાંસોટ ના સુણેવખુર્દ ગામે ગ્રામ પંચાયતભવન નું નિર્માણ કરવામાં આવ્યું છે ,જેમા સીસીટીવી કેમેરા ,કમ્પ્યુટર લેબ સહીત ની ડિજિટલ સુવિધા ઓથી સજ્જ કરવામાં આવી છે , આ નવનિર્મિત ગ્રામપંચાયત ભવન નું ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું આ પ્રસંગે સુણેવખુર્દ ગામ ના સરપંચ ,તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતા બેન સોલંકી. ગ્રામપંચાયત ના સભ્યો તેમજ ભાજપ સંગઠન ના હોદ્દેદારો અને ગ્રામજનો હાજર રહ્યાહતા.

વાંકાનેર તાલુકાના વાલાસણ ગામે 'સ્વચ્છતા એ જ સેવા' કાર્યક્રમ હેઠળ સાફ-સફાઈ કરાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી

સમગ્ર રાજ્યમાં જ્યારે 'સ્વચ્છતા એજ સેવા' અભિયાન ચાલી રહ્યું છે ત્યારે મોરબી જિલ્લામાંપણ વિવિધસ્થળો એસાફ-સફાઈ કરવામાં આવી રહીછે. 'સ્વચ્છતાએજ સેવા'અભિયાન અન્વયેમોરબીના વાંકાનેર તાલુકાના વાલાસણ ગામે સાફ-સફાઈ કરી ગામને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

ડીસા ૧૦૮ ટીમ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા એક્સિડન્ટ ના મૃતાભાર્ઓ ને શ્રદ્ધાંજલી અપાઈ

કમલમ્ ન્યુઝ,આનંદ ઠક્કર

ડીસા ૧૦૮ ની ટીમ દ્વારા જે લોકો એક્સિડન્ટ માં મૃત્યુ પામ્યા છે તેમના આત્મા ને શાંતી મળે તે હેતુ થી ડીસા સરદારબાગ પાસે ૧૦૮ તેમજ ટ્રાફિક પોલિસ ના જવાનોદ્વારા કેન્ડલ પ્રગટાવી શ્રદ્ધાજંલી આપી હતીઆજના દિવસેવિશ્વભર માંએક્સિડન્ટ માંમૃત્યુ પામેલાને શ્રદ્ધાજંલી અપાય છે.

વર્લ્ડકપ ક્રિકેટ મેચમા ઈન્ડિયા હાર બાબતે ઝઘડો થતા ૧૮૧ અભયમ નવસારી દ્વારા અસરકારક કાઉન્સિલગ થી સમાધાન કરાવ્યું.

181 મહિલા હેલ્પલાઈન

કમલમ્ ન્યુઝ,નવસારી

ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા ની વર્લ્ડકપક્રિકેટનીફાઈનલમેચ હતી જે દરમિયાન કેમિલી સાથે મેચ જોતા પરિવાર ની વહુએ જણાવ્યુ જે આજે ઈન્ડિયા હારી જશે તે બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. જે અંગે ૧૮૧ મહિલા હેલ્પ લાઈન નવસારી માંકોલ કરવામાં આવતાં અભય મ કાઉન્સિલર સ્થળ પર પહોચી અસરકારક કાઉન્સિલીંગ કરી ઝઘડામાં સમાધાન કરવામાં આવ્યુ હતુ. વર્લ્ડકપ મેચ પહેલા ભારત ટોસ હારતા પરિવાર ની વહુએ કહ્યું હતું કે, આજે ઈન્ડિયા મેચમાં હારશે જે થી તેમના માસા અને સાથે બેઠેલાબીજા પરિવારના સભ્યો ઉશ્કેરાઈ ગયા હતાં અને આવું કેમ કહ્યું તેમ જણાવી ઉગ્ર ઝઘડો કરવા લાગતા મહિલાએ બચાવ માટે ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાંકોલ કર્યોહતો. અભયમ નવસારીટીમે પરિવારને સાથે રાખી સમજાવેલકે આએક ગેમછે જેમાં એક ટીમની હાર નિશ્ચિત હોય છે જેમા ખેલદિલીરાખી ક્રિકેટ ની મઝા માણવી જોઈએ. યુવતીને પણ પરિવાર સાથે સુમેળ રાખવા જણાવ્યું હતુ. આમ ૧૮૧ અભય મ હેલ્પલાઈન ટીમ દ્વારા અસરકારતાથી સમજાવતા પારિવારિક ઝઘડામાં સમાધાન કરાવ્યું હતું.

હિંમતનગરના નટવરલાલ સોલંકીને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત નિ:શુલ્ક સારવાર કરાઈ

માર્ગ અકસ્માત દરમિયાન પગમાં ઇજા થવાથી ઓપરેશ કરવામાં આવ્યું હતુ

કમલમ્ન્યુઝ,ઇકબાલ મેમણ

સાબર કાંઠાજિલ્લામાં હિંમતનગર તાલુકાના કનાઈ ગામના વતની નટવરલાલ સોલંકીને માર્ગ અકસ્માત નડ્યોહતો. આ માર્ગ અકસ્માતમાંનટવરલાલને પગના ભાગે ઈજા પહોંચી હતી. આયુષ્યમાનભારત યોજના અંતર્ગત તેમનાપગનું નિઃશુલ્ક ઓપરેશન કરી સારવાર કરવામાં આવીહતી. નટવરલાલસોલંકીજણાવેછે કે હિંમતનગર નજીક ઈલોલ ખાતેઘરે પરત ફરતામાર્ગ અકસ્માત નડ્યો હતો. અકસ્માત થતાસરકારની ચોવીસ કલાક ક્રાયરતએવી૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારાતેમને સિવિલહોસ્પીટલ હિંમતનગર ખાતે દાખલ કરવામાંઆવ્યા હતા. સારવાર દરમિયાન પગમાં ઓપરેશન કરવું પડેતેમ હતું. આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત તેમના પગનું નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમજ સિવલના સ્ટાફ દ્વારા સારી સારવાર આપવામાં આવી હતી. તેઓ વધુમાં જણાવે છે કે, પરીવારની આર્થિક પરિસ્થિતી સારી ન હોવાથી આ ઓપરેશન કરાવી ન શકાતુ. પરંતુઆયુષ્યમાન ભારતયોજના અંતર્ગતનિઃશુલ્ક સારવાર કરવામાં આસીછે. આ યોજના સામાન્ય લોકો માટે આશિર્વાદ સમાન છે.

સ્વ.શંકરલાલ ગાંધી (શંકરકાકા) દ્વારા શરૂઆત કરવામાં આવેલ નેત્રંગ થી ડાકોર પગપાળા સંઘ રવાનાં

શંકરકાકા નાં મુત્યુ બાદ પણ આ પરંપરા એમનાં સુપુત્ર એવાં દિનેશભાઈ ગાંધી એ સાચવી રાખી છે

કમલમ્ ન્યુઝ,

નેત્રંગ થી ડાકોર પગપાળા સંઘ રવાનાં થતાં વાતવરણ જય રણછોડ નાં નાદ થી ગુંજી ઉઠયો આ યાત્રા સંઘ સતત તેઓએ દેખરેખ હેઠળ સતત ૩૭ વર્ષસુધી યોજયો હતો. તેઓનું અવસાન થતાતેઓના પૂત્ર દિનેશ ગાંધીની દેખરેખ હેઠળ આ યાત્રા સંઘને લઈ જવામાં આવી રહ્યો છે. તે મુજબ આ વર્ષે પણ કારતક સુદ આઠમના રોજ આ સંઘના ૭૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં તા. ૨૦ માં નવેમ્બરનાં રોજ વહેલી સવારે ગાંધી બજાર ખાતે ભજન મંડળી સાથે તુલસી ફળિયામાં આવેલ રણછોડજી મંદિર તેમજ ગાંધી બજાર ખાતે આવેલ જલારામ મંદિર ખાતે દર્શન કરી આ યાત્રા સંઘે ડાકોર જવા પ્રસ્થાન કર્યુ હતું. જેમાં ૫૦ જેટલા ભાવિક ભકતોમાં આ યાત્રા સંઘમાંખુબ ઉત્સાહ અને શ્રધ્ધા પુર્વક જોડાયા હતા. ભાવિક ભકતો આ યાત્રા સંઘમાં જવા માટે છેલ્લા કેટલાક દિવસોથી તડામાર તૈયારીઓ કરી રહ્યા હતા. ત્યારે ભાવિકભકતો ચોદશના દિવસે ધજા ચઢાવવા તેમજપૂનમના દિવસેડાકોરજીના દર્શન કરવા માટે તેઓમાંઅલગજ ઉત્સુકતાજોવા મળીરહ્યો હતી.

આહવા અને વઘઈ તાલુકાના ૧૮ ગ્રામ પંચાયતોમા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમો યોજાયા

વિકસિત ભારત સંકલ્પ યાત્રા મા કુલ ૫૯૬૯ લોકોએ ભાગ લઇ સંકલ્પ લીધો

કમલમ્ ન્યુઝ,

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ તા.૧૫મી નવેમ્બર : 'જૈનજાતીય ગૌરવ દિવસ'થી દેશ સમસ્તમાં, જનહિતલક્ષી યોજનાઓના લાભથી પાત્રતા ધરાવતો એક પણ વ્યક્તિવંચિત ન રહે તેમાટે જાગૃતિ કેળવવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામા આવ્યો છે. આ યાત્રાના માધ્યમથી છેવાડાના લોકો સુધી પહોંચી, સરકારી યોજનાઓની જાણકારી અને તેનો લાભ પુરો પાડવા માટે સરકાર સંકલ્પબૂદ્ધ હોવાની પ્રતીતિ સાથે પ્રજાજનોનમળવાપાત્રલાભો સહિત અનેક સેવાઓ ઘરઆંગણે પુરી પાડવામાં આવી રહી છે. તા.૧૯ મી નવેમ્બર સુધી ડાંગ જિલ્લાનાઆહવા તાલુકાની કુલ ૮ ગ્રામ પંચાયતો તેમજ વઘઇ તાલુકાની કુલ ૧૦ ગ્રામ પંચાયતોમા વિકસિતભારત સંકલ્પ યાત્રા' પહોંચી હતી. જેમા આહવા તાલુકામા ૨૯૬૭ અને વઘઇ તાલુકામા કુલ ૩૦૦૨ લોકો મળી કુલ ૫૯૬૯ લોકોએયાત્રામા ભાગ લેઇ સંકલ્પ લીધો હતો. સાથે જ અહીવિવધ કાર્યક્રમોપણ યોજાયા હતા. આહવા અને વઘઇ તાલુકાના આ ગામડાઓમામા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સાથે વિશેષ 'ગ્રામસભા', તબીબીનિદાન અને સારવાર કેમ્પ, પશુઆરોગ્ય મેળા, શૈક્ષણિક સ્પર્ધાઓ, ક્વિઝ કોમ્પિટિશન, ગામના ગૌરવનુ સન્માન સહિત શ્રેણીબદ્ધ કાર્યક્રમ યોજવામા આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 'વિકસિતભારત સંકલ્પ યાત્રા' થકી સરકારની યોજનાકીય માહિતી લોકો સુધી પહોચાડવામા આવી રહી છે. દરમિયાન આહવા અને વઘઇ તાલુકામા ૧૮૮૯લોકોએ યાત્રામા આયોજિત આરોગ્ય કેમ્પનો લાભ લીધો હતો. જેમા ૫૮૮ વ્યક્તિઓનુ ટી.બીસ્ક્રિનીંગ, તથા ૮૧૦લોકોનુ સિકલસેલનું સ્ક્રિનીંગ પણ હાથ ધરાયુ હતુ. સાથે પી.એમ.જે.વાય-મા યોજના, એન.સી.ડી., આભાઆઈ-ડી અને વેકસીનેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. 'સંકલ્પ યાત્રા'ના સથવારે ૫૯ મહિલાઓ, અને ૧૦૨ વિદ્યાર્થીઓને સન્માનિતકરાયા હતા. આ તમામ ગ્રામ પંચાયતોમા ગ્રીન ડેમોન્ટ્રેશન કરવામાઆવ્યુ હતુ. અને ૧૭૨૪ જેટલાખેડુતો સાથેપ્રાકૃતિક કૃષિનો સંવાદ પણ કરવામા આવ્યો હતો. આ સાથે જ સરકારની વિવિધ યોજનાઓના લાભો મેળવનારા કુલ ૪૯ જેટલા લાભાર્થીઓએ 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત પોતાના અભિપ્રાયો રજુ કર્યા હતા. આ ઉપરાંત આ તમામ ગ્રામ પંચાયતોમા આયુષ્યમાન કાર્ડ, પી.એમ.કિસાન યોજના, જન ધન યોજના, ડિજીટલ રેકર્ડ ઉપર જમીન અને જળ જીવન મિશન અંતર્ગત ૧૦૦ટકા કામગીરી પુર્ણ કરવામા આવીછે. ડાંગ જિલ્લામા યોજાઈ રહેલ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના કાર્યક્રમમા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના પદાધિકારીશ્રીઓતેમજ ગામના આગેવાનો સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ જોડાઈ પાત્રતા ધરાવના જન જન સુધી સરકારી યોજનાઓની માહિતીઓપહોચે તે માટે જાગૃતિકેળવી રહ્યા છે.

૧૮૮૯ લોકોએ યાત્રામા આયોજિત આરોગ્ય કેમ્પનો લાભ લીધો

‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા, જિલ્લો તાપી’

ડોલવણ તાલુકાના ગડત અને ઉમરવાવ નજીક ગામમા ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ થશે:

આગામી તા. ૨૨મી નવેમ્બરે ડોલવણ, વાલોડ, અને સોનગઢ તાલુકાના વિવિધ ગામમા ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો ભવ્ય શુભારંભ થશે



વાલોડ તાલુકાના બેડકુવા અને ધામોદલા ગામમા ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ થશે:

કમલમ્ ન્યૂઝ

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર: ‘જનજાતીય ગૌરવ દિવસ’થી દેશ સમસ્તમા ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ કરવામા આવ્યો છે. જે મુજબ આદિજાતિ બહુલ વસતિ ધરાવતા તાપી જિલ્લામા પણ આ યાત્રાનો પ્રારંભ આજરોજ તા.૨૨મી નવેમ્બરથી ડોલવણ, વાલોડ, અને સોનગઢ તાલુકાના વિવિધ ગામમાથી ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નોપ્રારંભ થશે. તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઘડી કઢાયેલા કાર્યક્રમ અનુસાર, તાપી જિલ્લામાં તમામે તમામ ૨૮૯ પંચાયતોને આવરી લેતા ત્રણ જેટલા ‘રથ’ના સથવારે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ દ્વારા લોકોને કેંદ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી પહોચાડવામા આવશે.

’રથ નંબર-૧’

જે મુજબ તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ ડોલવણ તાલુકાના ગડત ગામના આશ્રમ શાળા ખાતેથી અને ઉમરવાવ નજીક ગામથી ‘રથ નંબર-૧’ પ્રસ્થાન કરશે.ડોલવણ તાલુકાના નોડલ તા.વિ.અધિકારીશ્રી એન.ડોલૈયા અને ’રથ ક્રમાંક-૧’ના નોડલ અધિકારી તરીકે વિ.અધિકારી પંચાયત ડોલવણ શ્રીમતી આર.ડી.ચૌધરી (સંપર્ક નંબર:૯૨૬૫૨૬૪૬૪૭)ની નિયુક્તિ કરવામાંઆવી છે.

’રથ નંબર-૨’

તે જ રીતે ’રથ નંબર-૨’ નું તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ વાલોડ તાલુકાના બેડકુવા અને ધામોદલાગામ ખાતેથી ’રથ નંબર-૨’ પ્રસ્થાન કરશે.વાલોડ તાલુકાના નોડલ તા.વિ.અધિકારીશ્રી ડી.ડી.પટેલ અને ’રથ ક્રમાંક-૨’ના નોડલ અધિકારીતરીકે વિ.અધિકારી પંચાયત વાલોડ શ્રીમતી ડી.કે.ચૌધરી (સંપર્ક નંબર:૯૫૩૭૧૧૫૨૮૩)ની નિયુક્તિ કરવામાંઆવી છે.

’રથ નંબર-૩’

તે જ રીતે ’રથ નંબર-૩’ નું તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ સોનગઢ તાલુકાના ઘાસીયામેઢા અને પાંચપીપળા ગામખાતેથી ’રથ નંબર-૩’ પ્રસ્થાન કરશે. સોનગઢ તાલુકાનાનોડલ તા.વિ.અધિકારીશ્રી ડી.ડી.ગાવીત અને ’રથ ક્રમાંક-૩’ના નોડલ અધિકારી તરીકે શ્રીમતિ પી.બી.ગામીત વિ.અધિકારી પંચાયત સંપર્ક નંબર:૮૭૮૦૮૧૨૬૬૦ની નિયુક્તિ કરવામાં આવી છે.આ ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’માં સોને જોડાવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધકરાયોછે.

સોનગઢ તાલુકાના ઘાસીયામેઢા અને પાંચપીપળા ગામમા ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ થશે

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના પડાણા ગામમાં ૭૦૦થી વધારે ઘરોમાં નળ જોડાણ કરી નળથી જળ પહોંચાડવામાં આવ્યું

વર્ષોથી ગામની મહિલાઓ કૂવામાંથી પાણી ભરતી હતી, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સરકારની નળથી જળ યોજનાને લીધે તેમની સમસ્યાનું નિવારણ આવ્યું છે : પડાણા ગામનાં સરપંચ શ્રી મહેમૂદ મોહરીયા

કમલમ્ ન્યૂઝ,

કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતીઅને લાભો ગામેગામ તેમજ ઘરે-ઘર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીએ ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ કરાવ્યો છે. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અંબાજી ખાતેથી વિકસીત ભારત સિકલ્પ યાત્રાનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. વિકસિત ભારત સંકલ્પયાત્રાદરમિયાન ૧૭ જેટલી જનકલ્યાણકારી યોજનાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લામાંપણ વહીવટી તંત્ર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે ત્યારે પડાણા ગામમાં નળથીજળ યોજના બદલાયેલી તસ્વીરનરત માનસપટ પર તરી આવે છે. અમદાવાદના ધંધુકા તાલુકાના પડાણા ગામમાં ૭૦૦થીવધારે ઘરોમાંજળ જોડાણ કરી ન ળથી જ ળ પહોચાડવામાં આવ્યુ છે. પડાણામાં આજે શ્રી નરેન્દ્ર મોદી સરકારની નળથી જળ યોજના સફળતાપૂર્વક સાકાર થઈ શકી છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ અને સફળ નેતૃત્વ હેઠળ નળ થી જળ યોજના અંતર્ગત રાજ્યના ૧૦૦ ટકા વિસ્તારમાં આ કામગીરી પૂર્ણ કરાઈછે. રાજ્ય સરકાર દ્વારાદૂર-સુદૂર અને દૂર્ગમવિસ્તારો સહિતના સ્થળેએ ડુંગરાળપ્રદેશોતેમજ છૂટા છવાયા અને છવાડાના ગામડાઓના ઘરોમાં પણ નળનું જોડાણ આપીને નળ થી જળ પહોંચાડવાની કામગીરીસુપેરે પૂર્ણ કરવામાંઆવી રહીછે. અમદાવાદ જિલ્લામાં પણ આ ૧૦૦ ટકા લક્ષ્યસિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ યોજના વિશે વાત કરતા પડાણાગામના સરપંચશ્રી મહેમૂદ મોહરીયાએ જણાવ્યું હતું કે, આ ગામમાં પાણીની સમસ્યા એ વર્ષો જૂની છે, ગામના તમામ લોકોને પીવાના પાણી માટે મોટી હાલાકીનો સામનો કરવો પડતો હતો. ગામની મહિલાઓ ગામથી બે- ત્રણ કિલોમીટર દૂર રોજ કડકડતા શિયાળાની ઋતુ હોય, કાળઝાળ ગરમીની ઋતુ હોય કે પછી ધોધમાર વરસતું ચોમાસુ હોય... કોઈપણ ઋતુમાં તમને પીવાનું અને ઘર વપરાશ માટેનું પાણી ભરવા કૂવે જવું પડતું હતું. જેમાં મહિલાઓને ખૂબ જ શ્રમ પડતો હતો સાથે મહિલાઓનો, બાળકોનો અને તેમના પરિવારજનોનોખૂબ જ સમ્રય પણ વેડફાતો હતો. અમારી વર્ષો જૂની આ સમસ્યાનું નિરાકરણ ત્યારે આવ્યું જ્યારે કેન્દ્ર સરકારની નળ થીજળ યોજનાગુજરાત સરકારની સહાયથી અમારા ગામમાં લાગુ કરવામાં આવી. આ યોજનાથી અમારાગામના તમામલોકોને હવે ઘરેથીજ પીવાનું ચોખ્ખું પાણી પ્રાપ્ત થાય છે. તેમણે વધુમાં કહ્યુંહતું કે, ૬ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં કુલ ૭૦૦થી વધુ મકાન આવેલા છે. તેમાં વિવિધ સમુદાયના લોકો વસે છે, અને તમામના ઘરમાં નળનું જોડાણ કરવામાં આવ્યું છે. જેથીહવેતમામ લોકોને ઘરેથીજ પીવાનું અને ઘર વપરાશ માટેનુ પાણી મળીરહે છે. હવે મહિલાઓને દૂર કૂવામાં પાણી ભરવા જવુંપડતું નથીબાળકો અને વૃદ્ધોની સમસ્યાનો પણ અંત આવ્યો છે.તેમણે નરેન્દ્ર મોદી સરકાર અને ગુજરાત સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, અમારા ગામમાં નળથી જળ યોજનાનું અમલીકરણકરવા બદલ અમેસૌ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અને ગુજરાત સરકારના ખૂબ ખૂબ આભારી છીએ. અમદાવાદ જિલ્લાના પડાણા ગામના ૭૦ વર્ષીય નાગરિક કુંવરજીભાઈ ચૌહાણેવર્ષોપહેલાના તમણે કરેલા પાણીમાટેનાસંઘર્ષની વાત કરતા જણાવેછે કે, પહેલાના સમયમાં પાણીગામના સાર્વજનિક કૂવામાંથી લાવતા હતા. ઘરે-ઘરે પાણી મળે તેવી કોઈ જ પ્રકારની સુવિધાઓ ગામમાં નહોતી, અને જેથી લોકોને પાણીની મોટા પ્રમાણમાં હાલાકી ભોગવવી પડતી હતી. કુંવરજીભાઈ વધુમાં જણાવે છે કે, વડાપ્રધાનની નળ થી જળ યોજના થકી આજે અમારે ઘરે પીવાનુ ચોખ્ખુ પાણી મળી રહ્યુ છે. સમયસર પાણી મળી રહે વાથી સુવારે વહેલા કામે જઈ શકીએ છીએ તેમજ રોજિંદા જીવનમાં વણાઈ ગયેલી પાણીની પળોજણ દૂર થઈ છે ..!” કુંવરજીભાઈને આજે ઘરે બેઠાપાણી મળ્યું છે માટે તેઓ તેમના સમગ્ર કુટુંબ વત્તી રાજ્ય સરકાર અનેકેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરે છે. પડાણા ગામનાં નળથી જળ યોજનાના વધુ એક લાભાર્થી શ્રી રાવ્યાબેન નળ થીજળ યોજનાવિશે જણાવેછે કે, જ્યારથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નળથી જળ યોજના અમારાગામમાં આવીછે, ત્યારથી પીવાના પાણીથી લઈને ઘર વપરાશ માટેના પાણીની તમામ સમસ્યાઓનું નિરાકરણ આવ્યું છે સાથે જ પરિવારના તમામ સભ્યોના કાર્યો પણ સમયસર પૂર્ણ થાય છે. રાવ્યાબેન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો આભાર માનતા જણાવે છે કે, અમારા ગામમાં નળથી જળ યોજનાનું અમલીકરણ કરવા બદલ હું વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અનેગુજરાત રાજ્યસરકારનો ખૂબ ખૂબ આભારવ્યક્ત કરું છું. નળથી જળયોજનાના અન્ય લાભાર્થી શ્રી શબ્બીરખાને કહ્યુંકે, હું ૬૮ વર્ષથી આ ગામમાં વસવાટ કરું છું. મે બાળપણથીજ આ ગામમાં પાણીની સમસ્યાને લઈને લોકોને હેરાન પરેશાન થતા જોયા છે. પડાણા ગામમાં ઘણા સમયથી પાણીની સમસ્યા વકરેલી હતી, ગામની તમામ મહિલા અને પુરુષોને પાણી ભરવા માટે ગામથી ત્રણેક કિલોમીટર દૂર દૂર જવુંપડતું હતું. જ્યારથી કેન્દ્ર સરકારની નળથી જળ યોજના ગુજરાત સરકારની સહાયથી ગુજરાતના તમામ ગામો સુધી પહોંચી છે ત્યારથી અમારા ગામમાં લોકોને પીવાનું પાણી પ્રાપ્ત થાય છે.

રાજસ્થાનની ધરતી પર ‘સેવા અને સુશાસન’નું કમળ ખીલવા જઈ રહ્યું છે

કમલમ્ ન્યૂઝ,

રાજસ્થાનની ૧૫૫મી વલ્લભનગર વિધાનસભાની ચૂંટણી અંતર્ગત મેનાર ગઢમાં આયોજિત જાહેરસભામાં સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, વિધાનસભાના પ્રભારી શ્રી કિરણસિંહ રાવ, વલ્લભનગર વિધાનસભાના ઉમેદવાર શ્રી ઉદયલાલ ડાંગી, દિલ્હીના પૂર્વ મેયર, ભોર્ડના અધ્યક્ષ શ્રી. , મહામંત્રી, ગામના વરિષ્ઠ સભ્યો, સરપંચશ્રી, ભાઈ-બહેનો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યૂઝ,

રાજસ્થાનની બગીદોરા વિધાનસભાના ખોડિયા ગામમાં કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો.કુબેરભાઈ ડીંડોર સાહેબે ગ્રામસભાના આયોજનમાં ભાગ લીધો હતો જેમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોને ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન આપી સંબોધન કર્યુ હતું અને ભાજપના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કૃષ્ણજી કટારા, જિલ્લા પ્રમુખ મુકેશજી, વિભાગીય મહામંત્રી રજેન્દ્રજી સંગાડા, વિભાગીય પ્રમુખ લાલજીભાઈ ગરાસિયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણીની જાહેરાત પછી પાંચ રાજ્યોમાં રૂ. ૧૭૬૦ કરોડથી વધુની જપ્તી

૨૦૧૮ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીની તુલનામાં મતદાન કરતા રાજ્યોમાં જપ્તીમાં સાત ગણો વધારો

કમલમ્ ન્યૂઝ,

ભારતનો ચૂંટણી પંચના સતત પ્રયાસોને પગલે મિઝોરમ, મધ્ય પ્રદેશ,છત્તીસગઢ, રાજસ્થાન અને તેલંગાણા જેવા પાંચ રાજ્યોમાં જપ્તીમાં નોંધપાત્ર અને ઝડપથી વધારોથયો છે.ચૂંટણીની જાહેરાત પછી પાંચ મતદાનમાં જતા રાજ્યોમાં રૂ. ૧૭૬૦ કરોડથી વધુની જપ્તી નોંધાઈ છે, જે ૨૦૧૮માં આ રાજ્યોમાં અગાઉની વિધાનસભાની ચૂંટણીઓમાં કરવામાં આવેલી જપ્તીના ૭ ગણા (રૂ. ૨૩૮.૧૫ કરોડ) જેટલા વધુ છે.પાંચ રાજ્યોની ચૂંટણીઓ અને અગાઉની કેટલીક રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓના જપ્તીના આંકડા ઈસીઆઈની સ્વતંત્ર, નિષ્પક્ષ અને પ્રલોભનમુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાની અવિરત કટિબદ્ધતા દર્શાવે છે, જે સમાન રમતનામેદાન માટે પ્રલોભનો પર નજર રાખવા અને ચૂંટણીમાં થતી ગેરરીતિઓને અંકુશમાં લેવા મજબૂત પગલાંનો અમલ કરીને સ્વતંત્ર, નિષ્પક્ષ અને પ્રલોભનમુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાની ઈસીઆઈની અતૂટ કટિબદ્ધતા દર્શાવછે. ઉલ્લેખનીય છે કે ગુજરાત, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, ત્રિપુરા અને કર્ણાટકમાં યોજાયેલી પાછલી છ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૦૦ કરોડ રૂપિયાથી વધુની જપ્તી કરવામાં આવી હતી, જે આ રાજ્યોમાં અગાઉની વિધાનસભાની ચૂંટણીના ૧૧ ગણા છે. આ વખત પંચે ચૂંટણી ખર્ચ નિરીક્ષણ પ્રણાલી (ઈએસએમએસ) મારફત મોનિટરિંગપ્રક્રિયામાંટેકનોલોજીને પણ સામેલ કરી છે, જે ઉત્પ્રેરક સાબિતથઈ રહીછે. કારણ કે તેણે વધુસારા સંકલનઅને ઈન્ટેલિજન્સ શેરિંગ માટે કેન્દ્ર અને રાજ્ય અમલીકરણ એજન્સીઓની વિશાળ શ્રેણીનેએકસાથે લાવી છે. ઈ.એસ.એમ.એસ. એકોર્ડ પ્રયાસ છે જેનોહેતુ બહુવિધનિવારણ માટે અન્ય સંબંધિત એજન્સીઓને અમલીકરણ એજન્સીઓને અટકાવીને માહિતીના ઝડપી શેરિંગનો છે.ઈએસએમએસ ચૂંટણી ખર્ચ મોનિટરિંગ પ્રક્રિયામાં સામેલ બહુવિધઅમલબજવણી સંસ્થાઓ સાથે સીઈઓ અને ડીઈઓ સ્તરે સરળ સંકલન પ્રદાન કરે છે. આ પ્લેટફોર્મયિલ-ટાઇમ રિપોર્ટિંગની સુવિધા આપે છે, વિવિધ એજન્સીઓ પાસેથી અહેવાલો એકત્રિત કરવા અને સંકલિત કરવામાંઅને વધુસારા સંકલનમાં સમય બચાવેછે. મતદાનમાં જતા રાજ્યો પાસેથી મળેલા અહેવાલો મુજબ, આઅંતરિક એપ્લિકેશન સારી રીતે કામ કરી રહી છે અને ચૂંટણી ખર્ચની દેખરેખ પ્રક્રિયામાં મદદ કરીરહી છે. રાજસ્થાનમાં બનેલો દારૂ જપ્ત. મોનિટરિંગ પ્રક્રિયાની શરૂઆત જૂન અને ઓગસ્ટ વચ્ચે મતદાન માટે જતા રાજ્યોની સિનિયર ડીઈસી/ડીઈસીની આગેવાની હેઠળની ટીમોની મુલાકાતો સાથે થઈ હતી, જેમાં અમલીકરણ એજન્સીઓ અને જિલ્લાઓ સાથે વાતચીત હાથ ધરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ ખર્ચની દેખરેખના મહત્ત્વ વિશે સહભાગી ક્ષેત્રીય દળોને સંવેદનશીલ બનાવવાનો અને ચૂંટણીની તૈયારી માટે તેમના ઈનપુટ્સની સમીક્ષા કરવાનો હતો. ત્યારબાદ, કમિશનેઆ રાજ્યોમાં સમીક્ષા દરમિયાન, મતદારોને પ્રભાવિત કરવા માટે પ્રલોભનોના પ્રવાહને રોકવા માટે શૂન્ય-સહિષ્ણુતા અભિગમ પર ભાર મૂક્યો હતો અને અમલીકરણ એજન્સીઓ દ્વારા બહુ-સ્તરીય પગલાંલીધાંહતાં, જે આ રાજ્યોમાં જપ્તીમાંવધારામાંપ્રતિબિંબિત થાય છે. આ મુલાકાતોના દિવસથી જ એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ પોતપોતાના ક્ષેત્રમાં પોતાની તકેદારી વધારી દીધી હતી અને ચૂંટણીઓ જાહેર થઈ ત્યાં સુધીમાં તો એકસાથે જોતાં તેમણે રૂ. ૫૭૬.૨૦ કરોડની જપ્તીની જાણ કરી દીધીહતી. ‘ફોકસમુખ્ય સચિવો, ડીજીપી, આબકારી કમિશનરો, ડીજી (આવકવેરા) અને મતદાનમાં જતા રાજ્યો અને તેમના સંબંધિત પડોશી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ સમીક્ષા કરી હતી. એ ઈ એ ર એ સ , આઈસીએ ન્ડસીઈએ સ, આઈઆર એ એ સ , આઈડીએએસ અને અન્ય કેન્દ્ર સરકારની સેવાઓનાં ૨૨૮ અનુભવી અધિકારીઓને ખર્ચ નિરીક્ષકો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બારીકાઈથી નજર રાખવા માટે ૧૯૪ વિધાન સભા ક્ષેત્રોને ખર્ચ પ્રત્યે સંવેદનશીલ ક્ષેત્રો તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે. એ પણ સુનિશ્ચિત કરવામાંઆવે છે કે મોનિટરિંગ પ્રક્રિયામાં ફિલ્ડ લેવલની ટીમોનીપહુંચ ઉપલબ્ધતા હોય અનેનાણા-શક્તિના જોખમને પહોંચી વળવામાટે ડીઈઓ/એસપી અને એન્ફોર્સમેન્ટએજન્સીઓ સાથે નિયમિત ફોલો-અપ કરવામાં આવે. નજીકથી દેખરેખ રાખવાના પ્રયાસો ચાલુ ચૂંટણીઓપૂર્ણ થાય ત્યાં સુધી મતદાન માં જતા રાજ્યોમાં ચાલુ રહેશે અને જપ્તીના આંકડામાં વધુ વધારો થવાની અપેક્ષા છે.

ચૂંટણી જપ્તી વ્યવસ્થાપન પ્રણાલી (ઇએસએમએસ) અમલબજવણી એજન્સીઓ વચ્ચે સંકલનની સુવિધા પૂરી પાડે છે

સંવિધાન દિવસ (બંધારણ દિવસ) ની ઉજવણી કરવા માટે, સંસદીય બાબતોના મંત્રાલયે બંધારણની પ્રિએમ્બલ અને પ્રસ્તાવનાના ઑનલાઈન વાંચનમાં ભાગ લેવા માટે બધાને આમંત્રણ આપ્યું

મહત્તમ જન ભાગીદારીની ખાતરી કરવા માટે બે વેબ પોર્ટલ કાર્યરત છે



“ભારતઃ લોકતંત્ર કી જનની” પર ઓનલાઈન ક્વિઝ માટે બીજું પોર્ટલ https://constitutionquiz.nic.in/

કમલમ્ ન્યૂઝ,

સંવિધાન દિવસ (બંધારણ દિવસ) દર વર્ષે ૨૬ નવેમ્બરે ભારતના બંધારણને અપનાવવાની યાદમાં ઉજવવામાં આવે છે અને આદર્શો અને સિદ્ધાંતોને પ્રકાશિત કરવા અને પુનઃપુષ્ટિ કરવા ઉપરાંત, તે આપણા સ્થાપક પિતૃઓના યોગદાનને સમર્થન આપે છે અને સન્માન આપે છે અને સ્વીકારે છે. સંવિધાન દિવસ (બંધારણ દિવસ)ની ઉજવણી કરવા માટે, સંસદીય બાબતોના મંત્રાલયે તમામ નાગરિકોને બંધારણની ક્વિઝ અને પ્રસ્તાવનાના ૨૨ સત્તાવાર ભાષાઓ અને અંગ્રેજીમાં "બંધારણની પ્રસ્તાવનાનું ઓનલાઈન વાંચન" માટેનું એક પોર્ટલ https://readpreamble.nic.in/ ઓનલાઈન વાંચનમાં ભાગ લેવા આમંત્રણ આપે છે. મંત્રાલય મહત્તમ જન ભાગીદારીને સુનિશ્ચિત કરવામાટે બેવેબ પોર્ટલ કાર્યરત કર્યાછે. આ વેબ પોર્ટલ છે: ૨૨ સત્તાવાર ભાષાઓ અને અંગ્રેજીમાંબંધારણની પ્રસ્તાવનાનું ઓનલાઈન વાંચનઃ https://readpreamble.nic.in/; ઓનલાઈન ક્વિઝ (“ભારતઃ લોકતંત્રકી જનની”: https://constitutionquiz.nic.in/ Image આ પોર્ટલ દરેક માટે સુલભ છે અને કોઈપણ ભાગ લઈ શકે છે અને સહભાગિતાનું પ્રમાણપત્ર મેળવી શકે છે. આમ જનરેટ થયેલ પ્રમાણપત્રો #Samvidhan Diwas નો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીશકાય છે.

કપરાડાના ખરેડી અને મોટી વહિયાળમાં રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

સરકાર ખુદ તમારે આંગણે આવી છે, જેથી સરકારની યોજનાઓનો લાભ લેજો, કોઈ વંચિત ન રહી જાય: મંત્રીશ્રી દર્શનાબેન જરદોશ

ભૂલાતી જતી સાંસ્કૃતિક વિરાસતને જાળવા રાખવા ફરી પ્રકૃતિ સાથે જોડાણ કરવા મંત્રીશ્રીએ આહવાન કર્યું

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લામાં કપરાડાના ખરેડી અને મોટી વહિયાળ ખાતે ભારત સરકારના રેલવે અને ટેક્સટાઈલ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમો યોજાયા હતા. સંકલ્પ યાત્રા રથનું મંત્રીશ્રીએ પૂજા વિધિ સાથે સ્વાગત કરી ઉપસ્થિત સૌએ વિકસિત ભારતનાશપથ લીધાહતા. ગ્રામીણ કક્ષાએ અને ટ્રાઈબલ તાલુકામાં વધારાની પાંચ યોજનાઓ મળી કુલ ૧૭ યોજનાની માહિતી ૧૦ સ્ટોલ દ્વારા નાગરિકોને આપવામા આવી હતી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી પણ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ સ્ટોલની મુલાકાત લઈ માહિતી મેળવીહતી. આઝાદીના ૧૦૦ વર્ષ ૨૦૪૭માં આપણો દેશ સંપૂર્ણ વિકસિત થઈ જશે એવા સંકલ્પ સાથે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રીમાટે આદેશની પ્રજા જ તેમનોપરિવાર છે.તેમણે પ્રજાના લોકકલ્યાણ અને જન સુખાકારી માટેનાની નાની દરેક યોજનાઓનું ધ્યાન રાખ્યુંછે. ત્યારેઆપણે "એક ભારત,શ્રેષ્ઠ ભારત"નોસંકલ્પલઈ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવુ જોઈએ. આપણે આપણી સાંસ્કૃતિક વિરાસતને ભુલીરહા છે જેના કારણે જનજીવનનેઅસર થઈ રહી છે. સાંસ્કૃતિક વિરાસતને જાળવી રાખવા માટે પ્રકૃતિ સાથે જોડાવા મંત્રીશ્રીએ આહવાન કરી જણાવ્યુંકે, પૃથ્વીનું તાપમાન વધતા સમગ્ર દુનિયા કલાઈમેટ ચેન્જની સ્થિતિનો સામનોકરી રહીછે ત્યારે સોલારનો ઉપયોગ અને પ્રાકૃતિક ખેતીહિતાવહ છે.વધુમાં મંત્રીશ્રીએ આવાસયોજના, પીએમજેએવાય, જન ઔષધી યોજના, અન્ન સહાય યોજના, ઉજ્જવલાયોજના, સગર્ભા માતા અને બાળકો માટે પૌષ્ટિક આહાર, આદિવાસી બાંધવોન જમીનના હકકો,એકલવ્ય સ્કૂલ, સિકલસેલની તપાસ અને નલ સે જલ સહિતની યોજના વિશે માહિતી આપી હતી. વધુમાં તેમણે લોકોનેકહ્યુંકે, આ રથદ્વારા સરકાર ખુદ તમારે આંગણે આવીછે, જેથી સરકારની યોજનાઓનોલાભ લેજો કોઈ વંચિત ન રહીજાય.તેમાટે સૌ જાગૃત બનજો એવી અપીલ કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાયા અનુરોધ કર્યો હતો, કપરાડાના ધારાસભ્યશ્રીજીતુભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી સશકતભારત, મજબૂત ભારતનોસંકલ્પલેવાઆહવાન કર્યુ હતુ. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલે યાત્રાનો હેતુ સમજાવતા જણાવ્યું કે, સરકારની અનેકવિધ યોજના લોકો માટે છે પણજાણકારીનાઅભાવલાભ લઈ શકતા નથી જેથી લોકો વિવિધ યોજનાથી વાકેફ થાય અને લાભ લે તે માટે આ રથ ગામે ગામ ભ્રમણ કરી રહ્યો છે. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આયુષ્યમાન ભારત યોજના, આત્મા પ્રોજેકટ અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓએ યોજનાના લાભ બાદ પોતાના જીવનમાં આવેલા બદલાવની કહાની રજૂ કરતી સફલ્ય ગાથા કહી હતી. મંત્રીશ્રીના હસ્તે પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ચાવી, ઉજ્જવલા યોજના, ગરીબ કલ્યાણ અન્ન યોજના, આયુષ્યમાન ભારત યોજના અને પ્રધાનમંત્રી પોષણ અભિયાન યોજનાના લાભાર્થીઓને કીટ આપવામાં આવી હતી.મંત્રીશ્રીએ ખેડુતોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ખરેડીગામે ૨૫૭પુરૂષ અને ૨૩૮ મહિલા મળી કુલ ૪૯૫ જ્યારે મોટી વહીયાળ ગામમાં ૨૬૭ પુરૂષ અને ૨૩૪ મહિલા મળી કુલ ૫૦૧ લાભાર્થીએ સ્થળ પર સરકારનીવિવિધ યોજનાઓનો લાભ મેળવ્યો હતો. ખરેડીપ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતીથી મળતા લાભો તેમજ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરતી અને રાસાયણિક પદાર્થોથી જમીનનં થતા નુકશાનને પ્રદર્શિત કરતી 'ધરતી કહેપુકાર કે...' નાટિકા રજૂ કરી હતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંદેશને રથ દ્વારા સૌએ નિહાળ્યો હતો. કાર્યક્રમમાંજિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ,જિલ્લા પંચાયતસભ્ય ગુલાબ રાઉત, ખરેડી ગામના સરપંચ હિતેશ પટેલ, મોટી વહિયાળ ગામના સરપંચ સુશીલાબેન ભાવર, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, સંગઠન મંત્રીઓ સર્વ મંત્રી શિલ્પેશભાઈ દેસાઈ, કમલેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ચૌધરી, તાલુકાવિકાસ અધિકારી એચ. એસ. બારોટ, કપરાડાના મામલતદાર પી. આર. શાહ, તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ, લાભાર્થીઓ તેમજ મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા.

જિલ્લા પુરવઠા અધિકારી કાજલ ગામીતે સ્વાગત પ્રવચન જ્યારે અમારદવિણિનાયબ જિલ્લા વિકાસ અધિકારીકે. કે. પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાનસ પ્રાથમિક શાળાના કેન્દ્ર શિક્ષક પિનાકીનભાઈ પટેલે કર્યુ હતુ.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વડોદરામાં યોગ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ યોગસેવક શીશપાલજી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,વડોદરા,

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સર સયાજીરાવ નગર ગૃહ ખાતે નૂતનવર્ષ યોગસ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયોહતો. જેમાંમુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્ય યોગબોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજી સહિત વડોદરા શહેરમાં ચાલતા ૨૦૦થી વધુ યોગ કલાસના યોગ સાધકો, કોચ,યોગ ટ્રેનરો મોટી સંખ્યામાં ઉપસ્થિતરહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાંતા. ૨૧ જીજૂન ના દિવસને 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે રમત ગમત વિભાગ હેઠળ ગુજરાત યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. જેનો હેતુ સમગ્ર ગુજરાતના લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવાપ્રોત્સાહિત થાય તે છે. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં મેયર શ્રીમતી પિંકીબેન સોની,નાયબ મેયર ચિરાગ બારોટ, સ્થાયી સમિતિના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રી નગરસેવકો તથા વિવિધ સંસ્થાના આગેવાનો, ધર્મગુરુઓ ઉપસ્થિત રહ્યા હતા.

નેત્રંગ લાલમંઢેળી તથા અલગ અલગ વિસ્તારોમાં થી નવ વર્ષ નિમિત્તે શરૂઆત કરવામાં આવેલ નેત્રંગ થી ડાકોર તથા ફાગવેલ પગપાળા સંઘ રવાનાં

કમલમ્ ન્યુઝ,

નેત્રંગ થી ડાકોર તથા ફાગવેલ પગપાળા સંઘ રવાનાં થતા વાતવરણ જય રણછોડ નાંનાદ થી તથા વિર ભાથીજી મહારાજ ના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠયું નેત્રંગ ગ્રામ પંચાયત ના માજી સરપંચ એવાંબાલુભાઈ કલમભાઈ વસાવા નાં ઘરે તમામ સંઘ ને વિસામો આપી ચા નાસ્તા કરાવવની પણ એક પરંપરા બની જવા પામી છે આ વર્ષ પણ ફારતફ સુદ આઠમના તા.૨૦મી નવેમ્બર નાં રોજ નેત્રંગ ગાંધીબજાર તથા લાલમંઢોળી નવી વસાહત તથા અલગ અલગ વિસ્તારોમાં થી ભજન મંડળી સાથે તુલસી ફળિયામાં આવેલ રણછોડજી મંદિર તેમજ ગાંધી બજારખાતે આવેલજલારામ મંદિર ખાતે દર્શન કરી આ યાત્રા સંઘે ડાકોર જવા પ્રસ્થાન કર્યુ હતુ. જેમાં મોટા પ્રમાણમાં ભાવિક ભક્તોમાં આ યાત્રાસંઘમાં ખુબ ઉત્સાહ અને શ્રધ્ધા પુર્વક જોડાયા હતા.

ભાવિક ભક્તો આ યાત્રા સંઘમાં જવા માટે છેલ્લા કેટલાક દિવસોથી તડામાર તૈયારીઓ કરી રહ્યા હતા. ત્યારે ભાવિકભક્તો ચૌદ શના દિવસે ધજા ચઢાવવા તેમજ પૂનમના દિવસે ઠાકોર જીના દર્શન કરવા માટે તેઓમાં અલગ જ ઉત્સુકતા જોવા મળી રહ્યો હતી.તથા ભાથીજીના દર્શન કરવાની માન્યતા હોય છે નેત્રંગ તથા આજુબાજુના વિસ્તારમાં થીનીકળતા તમામ સંઘ ને હંમેશા થી નેત્રંગ નાં માજી સરપંચ શ્રી એવાં બાલુભાઈ કલમભાઈ વસાવા પોતાના ઘરે વિસામો આપી ચા નાસ્તા ની વ્યવસ્થા કરી પોતાની આ પરંપરા જાળવીરહ્યા છે

કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા ૨૧ નવેમ્બરના રોજ અમદાવાદ, ગુજરાત ખાતે 'ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા ૨૦૨૩'નું ઉદઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા ૨૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા ૨૦૨૩નું ઉદઘાટન કરશે. આ ખ્યાલે આમ ૨૧ થી ૨૨ નવેમ્બર ૨૦૨૩બે દિવસીય પરિષદનો આકાર લીધોછે જેદરમિયાન વિશ્વ મત્સ્યોદ્યોગ દિવસની ઉજવણી વૈશ્વિક સ્તરેકરવામાં આવીરહીછે. મત્સ્યપાલન વિભાગદ્વારા ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા ૨૦૨૩ની કલ્પનાકરવામાં આવી હતી, જેનો ઉદેશ ભારતીય મત્સ્ય પાલન અનેજળચરઉછેર ક્ષેત્ર માટે આગળનો માર્ગ તૈયાર કરવાનો હતો, જેનો ઉદેશ મત્સ્યપાલનની મૂલ્ય શ્રૃંખલામાં સામેલહિતધારકોસાથે સંયુક્તપણે સંયુક્તપણે ભારતીય મત્સ્યપાલન અને જળચરઉછેર ક્ષેત્ર માટે આગળનોમાર્ગ તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમની શરૂઆત કેન્દ્રીય મંત્રી શ્રીપરષોત્તમ રૂપાલાના હસ્તે ત્યારબાદ ઉદઘાટન સત્ર, પ્રેસ કોન્ફરન્સ, આંતરરાષ્ટ્રીય ગોળમેજી અને સમાંતર ટેકનિકલ સત્રો, ઈન્ડસ્ટ્રી કનેકટ સેશન્સ અને જીરજી/જીરબી તથા બીરબી દ્વિપક્ષીય કાર્યક્રમો યોજાશે. ઉદઘાટન સમારંભબાદ બે દિવસ દરમિયાન એક્ઝિબિશન સ્ટોલ અને ફૂડમેળો તમામ મુલાકાતીઓ અને સહભાગીઓ માટે સુલભ રહેશે. તેમાંની એક મહત્ત્વપૂર્ણ ઘટના ફ્રાંસ, ન્યૂઝીલેન્ડ, નૉર્વે, ઓસ્ટ્રેલિયા, રશિયા, સ્પેન, ઝિમ્બાબ્વે, અંગોલા, બ્રાઝિલ અને ગ્રીસ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ફૂડ એન્ડઅગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (યુએન-એફએઓ), એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)ના વિદેશી મિશન સાથે કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમરૂપાલાની આગેવાની હેઠળનીઆંતરરાષ્ટ્રીય રાઉન્ડટેબલ હશે. ફ્યુશ જે સેલ્સચ્યાફ્ટ ફૂર ઈન્ટર નેશનલ ઝુસામેનાર્બિટ (જીઆઈઝેડ), બંગાળની ખાડી કાર્યક્રમ (બીઓબીપી), મરીન સ્ટુઅર્ડશિપ કાઉન્સિલ ઈન્ડિયા (એમએસસી ઈન્ડિયા) સહિત અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં મંત્રીઓ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ ત્રિપુરા, ગોવા અને આંધ્રપ્રદેશનાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં મંત્રીઓ તેમજ મત્સ્યપાલન વિભાગ (જીઓઆઈ), રાષ્ટ્રીય મત્સ્યપાલન વિકાસ બોર્ડ (એનએફડીબી), રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના મત્સ્યપાલન વિભાગ અને મત્સ્યપાલન સંસ્થાઓનાં વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. આંતરરાષ્ટ્રીય ગોળમેજી પરિષદનો ઉદેશ માછીમારીની સ્થાયી પદ્ધતિઓ,જળચરઉછેર ટેકનોલોજી અને સંસાધન વ્યવસ્થાપન પર આંતરરાષ્ટ્રીયસંસ્થાઓ, મંત્રાલયો, સંશોધન સંસ્થાઓ સાથે જોડાણની ચર્ચાકરવાનો છે. ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સઈન્ડિયા ૨૦૨૩એ એક અનન્ય તક છે જે વિવિધ હિસ્સેદારોને એકજ સ્થળેપ્લેટફોર્મ પર લાવવાની અપેક્ષા રાખે છે. બે દિવસ દરમિયાન ૫૦૦૦થી વધુ સહભાગીઓને બહુવિધસત્રો માટે હોસ્ટ કરવામાં આવશે અને વિચારપ્રેરક ચર્ચાઓઅને વિચાર-વિમર્શમાં વેગ્રહેવાલરહેશે. ટેકનિકલ સત્રો અને ઉદ્યોગ સાથેજોડાણ સત્રો માટે કુલમળીને દસસત્રોની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે સરકાર-થી-સરકાર (જીરજી)/ગવર્મેન્ટ-ટુ-બિઝનેસ (જીરબી) અને બિઝનેસ-ટુ-બિઝનેસ (બીરબી) માટે ખુલ્લા ફોરમનું આયોજન કરવામાં આવશે. ઈનલેન્ડ એકવાકલ્ચર, કોસ્ટલ એકવાકલ્ચર અને મેરિકલ્ચર, ડીપ સી ફિશિંગ, સસ્ટેઈનેબલ એક્વાફીડ, માછલીનું સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, નવીનતા અનેશ્રેષ્ઠ પદ્ધતિઓ,નવીનતાઅને શ્રેષ્ઠ પદ્ધતિઓ, નવીનતાઅને ઉમરતી ટેકનોલોજી વગેરેમાં પડકારો અને તકો સાથે સંબંધિત મત્સ્ય પાલન ક્ષેત્રમાં ટ્રેન્ડિંગ વિષયોની ઊંડી સમજને પ્રોત્સાહન આપવાના ઉદેશ સાથે આ ટેકનિકલ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક જોડાણ સત્રોનું પણ આયોજન કરવામાંઆવ્યુંછે, જેમાં મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રમાં વેપાર અને ઔદ્યોગિક સંસ્થાઓને એકમંચ પર લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી બજારની સૂઝ, પ્રવાહો, તકો અને પડકારો વહેંચી શકાય અને સાથે-સાથે નેટવર્કિંગ અને સહયોગ/ભાગીદારીને પ્રોત્સાહન મળી શકે. જીરજી/જીરબી/બીરબી દ્વિપક્ષીય બાબતોને પણ નીતિગત ઘડતરમાં, નિષ્ણાતોઅને ઉદ્યોગવચ્ચે જ્ઞાનની વહેંચણી, નેટવર્કિંગ વગેરે માટે ચર્ચા કરવા અને સંવાદ કરવાની સુવિધા આપવામાંઆવી છે. દ્વિપક્ષીય ચર્ચા અને વિચાર-વિમર્શ માટેની તકોનુ મુક્તપણે અન્વેષણ કરવા માટે હિસ્સેદારો માટે આ એક ખુલ્લું ફોર્મેટ મંચ છે. આ પ્રદર્શનનુ આયોજનપણ કરવામાંઆવ્યું છે, જેમાં ૨૦૦થી વધુ પ્રદર્શકોનુ આયોજન કરવામા આવ્યું છે, જેઓસ્ટાર્ટ-અપ્સ, એસોસિએશનો, સહકારી મંડળીઓ, એસએચજી અને આ ક્ષેત્રના નાના-મધ્યમ ઉદ્યોગો દ્વારા ઉત્પાદનો, સેવાઓ અને નવીનતાઓનીવિશાળ શ્રેણીનું નિદર્શન કરી રહ્યાછે. એક વિશેષ મંડપની સ્થાપના કરવામાં આવી છે, જેમાં પસંદ કરાયેલા સ્ટાર્ટ-અપ્સઆરએએસ, આર્ટિફિશિયલ રીફ, સીવીડ્સ, ટ્રાન્સપોન્ડર્સ, રેસવેઝ, ડીપ સી ફિશિંગ હાર્બર્સ વગેરે દર્શાવવામાં આવ્યા છે. વિસ્તૃત સ્તરે વૈશ્વિક મત્સ્યપાલન પરિષદ ૨૦૨૩ દરમિયાન આયોજિત તમામ પ્રવૃત્તિઓથી ભારતીય મત્સ્ય પાલન ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્રિત ક્ષેત્રો, ખામીઓ, તકો, સમાધાનો અને ભાગીદારીઓ આંળખવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતધારકોનાં અભિપ્રાયો અને વિચારપ્રક્રિયા પ્રાપ્ત થશે એવી અપેક્ષા છે.

ગાંધીધામ મતવિસ્તારના ધારાસભ્ય દ્વારા સ્નેહમિલન નું ગાંધીધામ ખાતે આયોજન

કમલમ્ ન્યુઝ,

ગાંધીધામ મતવિસ્તારના ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીદ્વારા ડોબાભાસાહેબ આંબેડકર કનવેન્સન્ સેન્ટર, ટાગોર રોડ, આદિપુર, ગાંધીધામ માર્ગ ખાતે તા. ૨૨.૧૧.૨૦૨૩ ના સાંજે પાંચ વાગ્યાથી નવા વર્ષના સ્નેહમિલન અને કચ્છી લોક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલછે. સાંજે ૫ વાગ્યાથી શરૂ થનાર આ કાર્યક્રમમાં કચ્છી લોક સંગીતનાંપ્રસિદ્ધ કલાકાર શ્રી મુરાલાલમારવાડા અને તમના ગ્રૂપ દ્વારા કચ્છી સંગીત પીરસવામાં આવશે. યુવા લોક સાહિત્યકાર શ્રી દીપક ગઢવી દ્વારા પણ કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સામાજિક, રાજકીય, અગ્રણીઓ, વેપારી સંસ્થાઓ, વેપારી વર્ગ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક કચેરીઓ વગેરે નેઆમંત્રણ પાઠવામાંઆવેલ છે. ગુજરાત તથા સૌરાષ્ટ્ર કચ્છ માંથી મોટી સંખ્યામાં શુભેચ્છકો આ સ્નેહમિલનનાં કાર્યક્રમમાં જોડાય તે માટે ટીમ દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જોડાવા, રૂબરૂ, સોશિયલ મીડિયા અને ટેલિફોનિક દ્વારા સપરિવાર જોડાવાઆમંત્રણ આપવામાં આવેલ છે. આ સ્નેહમિલનમાં વિવિધ રાજકીય-સામાજિક આગેવાનો કચ્છનાં સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ તથા વિવિધસમાજના લોકોહાજર રહેશે. કાર્યક્રમનાં અને સપરિવાર ભોજન સાથે લેવાનું રહેશે. સ્થાનિક સ્તરે આ કાર્યક્રમમાં જોડાવા લોકોમાં ઉત્સાહની લાગણી પ્રવર્તે છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.I.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028